સુવિચાર : માનવીય અભિગમ સાથે સમાજનો સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપે એ જ સાચું રાજકારણ કહેવાય - જયપ્રકાશ નારાયણ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૩૭ | ૨૬ જુલાઇ, ૨૦૧૫, રવિવાર ; અષાઢ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



બિહારમાં જંગી બહુમતિ આપવા મોદીની અપીલ Page-6

# પાટનગરમાં મેઘરાજાની પુનઃ પધરામણી

## શુક્રવારે રાત્રે વિજળીના ચમકારા સાથે બે કલાક સુધી વરસાદ પડયો : જો કે દિવસ દરમિયાન નોંધપાત્ર વરસાદ ન પડયો

ગાંધીનગર, તા. ૨૫

આખરે શુક્રવારે રાત્રે શહેરમાં પુનઃ પધરામણી કરતા હોય તેમ મેઘરાજા બે કલાક જેટલું વરસ્યા હતા. શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યું હતું અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં ૧૪ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. આ સાથે મૌસમનો કુલ વરસાદ ૧૧૯ મીમી નોંધાયો છે.

છેલ્લા એક અઠવાડિયાથી સંતાકુકડી રમતા વાદળો આખરે ગઈકાલે રાત્રે વરસ્યા હતા. ગઈકાલે આખો દિવસ ઉકળાટ રહ્યા બાદ ગઈ કાલે મોડી સાંજે વિજળીના ચમકારા સાથે વરસાદી વાદળો આકાશમાં ઘેરાઈ આવ્યા હતા. રાત્રે લગભગ નવ વાગ્યે ધીમી ધારે વરસાદ વરસવો શરૂ થયો હતો. થોડીક જ વારમાં વરસાદે ગતિ પકડી લીધી હતી. મધ્યમ ગતિથી લગભગ બે કલાક સુધી શહેરમાં વરસાદ પડયો હતો. માર્ગો પર ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા અને વાતાવરણમાં સારી એવી ઠંડક પ્રસરી ગઈ હતી. રાત્રી દરમિયાન પણ ઝાપટા પડતા રહ્યા હતા. ઘણા દિવસોથી વરસાદની રાહ જોઈ રહેલા શહેરીજનો ગઈ કાલે રાત્રે પડેલા વરસાદથી એકદમ આનંદિત થઈ ઉઠયા હતા. ખેડૂતોમાં પણ ખુશાલીની લહેર દોડી ગઈ છે. જિલ્લાના ખેડૂતોએ વાવણીકાર્ય પુરજોશમાં આરંભી દીધું છે.

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : દિપક જાની)

# જિલ્લાભરમાં વરસાદના બીજા રાઉન્ડથી ખેડૂતો ખુશખુશાલ

## સતત હળવા ઝાપટાથી ખેતીનું સ્થગિત કામ પુનઃ શરૂ: વરસાદી માહોલ સારી જમાવટ કરશે તેવો વિશ્વાસ ત્રણ તાલુકામાં વરસાદ નોંધાયો : દહેગામમાં ૧ ઈંચ વરસાદ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલામાં વરસાદના બીજા રાઉન્ડે ખેડૂતોમાં નવી આશાનો સંચાર કર્યો છે. જિલ્લામાં સ્થગિત થયેલ ખેતીના કાર્યએ પુનઃ વેગ પકડયો છે.

ગઈ કાલ મોડી સાંજથી શરૂ થયેલા વરસાદને ખેતી માટે કાચા સોના જેવો ગણવામાં આવી રહ્યો છે. આ વરસાદથી જમીનમાં ભેજનું તત્વ સારૂ એવું જમા થવા પામ્યું છે. જો કે સુકાતા મોલને નવું જીવતદાન મળી જવા પામ્યું છે અને ચિંતાતુર ખેડૂત પુનઃ ખેતીના કાર્યમાં વ્યસ્ત બની જવા પામેલ છે.

ગઈ કાલે મોડી રાત્રે થયેલા વરસાદમાં દહેગામમાં એક ઈંચ તો ગાંધીનગરમાં ૧૪ મીમી અને કલોલમાં ૧૮ મીમી જેટલો વરસાદ નોંધાયો છે. વરસાદી માહોલ ધીરે ધીરે જામી રહ્યો છે. આજે દિવસ દરમિયાન પણ હળવા ઝાપટા સતત નોંધતા રહ્યા છે.

વરસાદ જે રીતે જમાવટ કરી રહ્યો છે તેનાથી ખેડૂતોમાં નવી આશાનો સંચાર થવા પામ્યો છે. આ વરસાદથી જમીનમાં ભેજ વધવા પામ્યો છે. એટલું જ નહિ હજુ ગરમી અને બફારામાં રાહત જોઈએ તેટલી જણાતી નથી.

જિલ્લામાં થઈ રહેલા વરસાદથી ખેતીનું કામ જે સ્થગિત થઈ ગયું હતું તેમાં વેગ આવ્યો છે. જિલ્લામાં આ વખતે પાક-વાવણીનું આયોજન જે હતું તે પ્રમાણે જ વાવેતર થશે તેવો હવે ખેડૂતો વિશ્વાસ વ્યકત કરી રહ્યા છે.




ગુરૂપૂર્ણિમાના પાવન પ્રભાતથી નવી ભાતનું અખબાર

## સંવેદનશીલ અને સર્જનાત્મક અભિગમ

ગાંધીનગર સમાચારનું લક્ષ્ય છે
સંવેદનશીલ સામાજીક માહોલ.
ગાંધીનગર સમાચારનો માર્ગ છે
સકારાત્મક અને સર્જનાત્મક
વિચારો-સમાચારોની અભિવ્યક્તિ.
ગાંધીનગર સમાચારની પ્રતિબધ્ધતા છે
મૂલ્યનિષ્ઠ અને નિષ્પક્ષ પત્રકારત્વ.

પાટનગરનું પોતાનું આ અખબાર
આગામી તારીખ ૩૧ જુલાઈ, ૨૦૧૫ થી
ગુરૂપૂર્ણિમાના પાવન પ્રભાતથી
નવી ભાતમાં, નવા રંગ-રૂપમાં,
વિશેષ માહિતીપ્રદ અને વધુ રસપ્રદ થઈને,
અસરકારક કોલમો અને ધારદાર કલમ સાથે,
નયનરમ્ય અને મનોરમ્ય પ્રિન્ટીંગ સાથે,
આપના સુધી પહોંચશે...

ગાંધીનગર સમાચારનું વાર્ષિક લવાજમ આજે જ ભરો
અને આપની કોપી બૂક કરાવો.

ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતાનું અખબાર

684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008
ફોન : (079) 23222571, 23237571. ફેક્સ : (079) 23230571